# ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર

(૧) **ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમમાં હાલમાં કાર્યરત યોજનાઓની માહિતી નીચે મુજબ છે.**

❖ રાષ્ટ્રીય સફાઇ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી અને રાજ્ય સરકાર પુરસ્કૃત યોજનાઓ:

❖ **સીધા ધિરાણ યોજના:**

❖ રાષ્ટ્રીય સફાઇ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી અને રાજ્ય સરકાર દ્વારા સફાઇ કામદાર અને તેમના આશ્રિતોને આવક ઉપાર્જન અર્થે સ્વરોજગારી માટે વિવિધ યોજનાઓ હેઠળ ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમને લોન આપવામાં આવે છે.

❖ રાષ્ટ્રીય સફાઇ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હીની સ્ટેટ ચેનેલાઇઝીંગ એજન્સી તરીકે અને રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા મહિલા સમૃધ્ધિ યોજના, મહિલા અધિકારીતા યોજના , માઇક્રો ક્રેડિટ ફાઇનાન્સ યોજના અને ટર્મ લોન વગેરે હેઠળ જુદા જુદા ધંધા અને વ્યવસાયો જેવા કે, ઝેરોક્ષ, મંડપ ડેકોરેશન, સાઇકલ સ્ટોર, વિડીયોગ્રાફી, ફોટોગ્રાફી, રેડીમેઇડ કાપડની દુકાન, વાસણની દુકાન,કોમ્પ્યુટર,જીપ-ટેક્ષી, ટ્રેક્ટર વીથ ટ્રોલી, ઓટો રીક્ષા(પેટ્રોલ,ડિઝલ અને સી.એન.જી.), મ્યુઝિક બેન્ડ, ઇલેક્ટ્રીક રીપેરીંગની દુકાન,દરજીકામની દુકાન, ફેબ્રીકેશન યુનિટ, ઓટોમોબાઇલ રીપેરીંગ,ભંગાર, વેક્યુમ લોડર અને અન્ય નાના ઉધોગો માટે સફાઇ કામદારો અને તેમના આશ્રિતોને પુનઃસ્થાપન માટે વ્યક્તિગત રૂા. ૬૦,૦૦૦/- થી રૂા. ૧૫,૦૦,૦૦૦/- સુધીની લોન/ ધિરાણ ૪ થી ૬ ટકાના વ્યાજદરે આપવામાં આવે છે.

❖ **રાષ્ટ્રીય સફાઇ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ અને રાજ્ય સરકારની સીધા ધિરાણની યોજનાઓ :**

| | | | |
|---|---|---|---|
| ૧ | મહિલા સમૃધ્ધિ યોજના | : | રૂા. ૬૦,૦૦૦/- લોન, વ્યાજ દર ૪%, |
| ૨ | માઇક્રો ક્રેડીટ ફાઇનાન્સ યોજના | : | રૂા. ૬૦,૦૦૦/- લોન, વ્યાજ દર ૫%, |
| ૩ | મહિલા અધિકારીતા યોજના | : | રૂા. ૧,૦૦,૦૦૦/- લોન, વ્યાજ દર ૫% |
| ૪ | ટર્મ લોન યોજના | : | રૂા. ૬૦,૦૦૦/- થી રૂા. ૧૫,૦૦,૦૦૦/- સુધી લોન, વ્યાજ દર ૬% |
| ૫ | શૈક્ષણિક લોન યોજના | : | ભારતમાં અભ્યાસ માટે રૂા. ૧૦.૦૦ લાખ અને વિદેશમાં અભ્યાસ માટે રૂા. ૨૦.૦૦ લાખ લોન, વ્યાજ દર |

| | | | |
|---|---|---|---|
| | | | વિધાર્થીઓ માટે ૪% અને વિધાર્થીનીઓ માટે ૩.૫% |
| ૬ | સેનેટરી માર્ટ યોજના | : | ઓછામાં ઓછા ૧૦ અને વધુમાં વધુ ૨૫-સભ્યો, રૂા. ૧૦,૦૦૦/- લોન, રૂા. ૧૦,૦૦૦/- સબસીડી. અત્યાર સુધી ૭૬-મંડળીઓના ૧૩૭૬-સભ્યોને રૂા. ૧૨૯.૪૨ લાખની લોન/સહાય |
| ૭ | જાગૃત્તતા શિબિર અને સેમિનાર | : | શિબિરદીઠ રૂા. ૩૦,૦૦૦/- ખર્ચ મર્યાદા, લક્ષિત ગ્રુપોને નિગમની યોજનાઓનો પ્રચાર-પ્રસારનો હેતુ રાષ્ટ્રીય સફાઇ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી દ્વારા ફંડ ઉપલબ્ધ કરવામાં આવે છે. |

❖ **સેનેટરી માર્ટ યોજના :**

❖ ભારત સરકારના અભિગમ પરથી ગુજરાત સરકારે વર્ષ ૨૦૦૦-૨૦૦૧ થી " પંડિત દિનદયાળ ઉપાધ્યાય અંત્યોદય સ્વચ્છતા બજાર" યોજના અમલમાં મુકેલ છે, જે સેનટરી માર્ટ યોજના તરીકે ઓળખાય છે.

❖ આ યોજના હેઠળ ઓછામાં ઓછા ૧૦ અને વધુમાં વધુ ૨૫ સફાઇ કામદારો/આશ્રિતોની એક સહકારી સેનેટરી માર્ટ સોસાયટી દ્વારા સેનેટરી માલ-સામાનનું ઉત્પાદન કરી સરકારી હોસ્પિટલો, મ્યુનિસિપાલીટી, મ્યુનિસિપલ કોર્પોરેશનને વેપારી ધોરણે વેચાણ કરે છે.

❖ આ યોજના હેઠળ સભ્ય દીઠ રૂા ૨૦,૦૦૦/- લેખે ૨૫ સભ્યોને રૂા ૫,૦૦,૦૦૦/- સુધીની આર્થિક સહાય/લોન (૨૫ સભ્યોને ૫૦ % લોન અને ૫૦ % સબસીડી) આપવાની જોગવાઇ છે.

- **શૈક્ષણિક લોન યોજના:**
- સફાઇ કામદારો અને તેમના આશ્રિતોને એન્જિનિયરીંગ, તબીબી, પેરા-મેડીકલ, ફિઝીયોથેરાપી, ડિપ્લોમા, પેથોલોજી, હોટલ મેનેજમેન્ટ, ડેન્ટલ, આયુર્વેદિક, એડમિનિસ્ટ્રેશન, મેનેજમેન્ટના અભ્યાસ અને અન્ય માન્ય કોર્ષ માટે લોન આપવામાં આવે છે.
- શૈક્ષણિક લોન યોજના હેઠળ વિદ્યાર્થીનીઓને ૩.૫ ટકા અને વિદ્યાર્થીઓને ૪ ટકાના વ્યાજ દરે ભારતમાં અભ્યાસ માટે રૂા. ૧૦.૦૦ લાખ સુધી અને વિદેશમાં અભ્યાસ માટે રૂા.૨૦.૦૦ લાખ સુધીની મર્યાદામાં, અભ્યાસના કુલ ખર્ચની ૯૦ ટકા રકમ લોન રૂપે આપવામાં આવે છે જ્યારે ૧૦ ટકા રકમ ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ (સ્ટેટ ચેનલાઇઝીંગ એજન્સી SCA) દ્વારા બીન વ્યાજકીય લોન તરીકે આપવામાં આવે છે.
- વિદેશમાં અભ્યાસ માટે લાભાર્થી ધ્વારા પૂર્ણ કરેલ અભ્યાસક્રમમાં ઓછામાં ઓછા ૫૦ % ગુણ મેળવેલ હોવા જરૂરી છે.
- **રાજ્ય સરકારની યોજના :**

- **પુજ્ય ઠક્કરબાપા સફાઇ કામદાર પુન: સ્થાપન યોજના:**
- સફાઇ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપનના હેતુસર રાજ્ય સરકાર દ્વારા અમલી આ યોજના હેઠળ કરેલ જોગવાઇમાંથી નિયત કરવામાં આવેલ યુનિટ કોસ્ટની મર્યાદામાં રહીને નિગમ દ્વારા ઓછામાં ઓછા રૂા. ૧૦,૦૦૦/- અને વધુમાં વધુ રૂા. ૭૫,૦૦૦/- સુધી લાભાર્થીઓને સબસીડી આપવામાં આવે છે.
- સીધા ધિરાણના લાભાર્થીઓને લાભાર્થીનાં ફાળાની ૧૦ % માર્જીનમની રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે.

- **ડૉ. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના :**
- રાજ્ય સરકાર દ્વારા રાજ્યના સફાઇ કામદારો અને તેમના આશ્રિતોને રહેણાંકના પાકા આવાસો પુરા પાડવા ડૉ. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.
- આ યોજના હેઠળ રૂા ૧,૨૦,,૦૦૦/- ની સહાય ચુકવવામાં આવે છે.
- સ્થાનિક સ્વરાજની સંસ્થાના સફાઇ કામદારો કે તેઓના આશ્રિતોને વ્યક્તિગત રૂા ૬૦,૦૦૦/- બિન વ્યાજકીય લોન શહેરી વિસ્તાર માટે અને ગ્રામ્ય વિસ્તારમાં રૂા ૩૦,૦૦૦/- ની લોન આપવાની જોગવાઇ છે.
- મકાનના બાંધકામની ટોચ મર્યાદા શહેરી વિસ્તાર માટે રૂા ૭,૦૦,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂા ૫,૦૦,૦૦૦/- નિયત કરેલ છે.
- બિનવ્યાજકીય લોનની વસુલાત મહાનગરપાલિકા/નગરપાલિકાએ કર્મચારીઓના પગારમાંથી દર માસે રૂા. ૫૦૦/- અને રૂા. ૨૫૦/- નો એક એવાં ૧૨૦ હપ્તામાં કરીને તેની નિયમિત ચૂકવણી નિગમને કરવાની રહે છે.

❖ **સફાઇ કામદારો માટે વીમા કવચ યોજના :**

❖ ગુજરાત સરકાર જુથ જનતા અકસ્માત વીમા યોજના હેઠળ રાજ્યના સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રોના સફાઇ કામદારનું ફરજ દરમ્યાન આકસ્મિક મૃત્યુ થાય અથવા ગટરમાં ગેસ ગુંગળામણથી મૃત્યુ થાય તો રૂા ૧.૦૦ લાખનું વીમા કવચ પુરું પાડવામાં આવે છે. જેની વીમા નિયામકશ્રી તરફથી ચુકવણી કરવામાં આવે છે.

❖ વધુમાં, સફાઇ કામદારનું ફરજ દરમ્યાન ગેસ ગળતરને કારણે ગટરમાં ગુંગળામણથી મૃત્યુ થાય તો ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર તરફથી મૃતકના વારસદારને સફાઇ કામદાર કુટુંબ/આશ્રિતના પુનર્વસન માટે રૂા ૨.૦૦ લાખની સહાય આપવામાં આવે છે.

❖ **ધોરણ ૧૦/૧૨ ની પરીક્ષામાં ઉચ્ચક્રમથી પાસ થયેલ સફાઇ કામદારના બાળકોને ઇનામ/પ્રશસ્તિ પત્રથી પ્રોત્સાહિત કરવા અંગેની યોજના :**

❖ સફાઇ કામદારો અને તેઓના આશ્રિતોના બાળકોના શૈક્ષણિક વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુથી સફાઇ કામદારોના બાળકો પૈકીના ધોરણ - ૧૦ અને ધોરણ - ૧૨ ( સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ) ની બોર્ડની પરીક્ષામાં સમગ્ર રાજ્યમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ મેળવેલ બાળકોને પ્રોત્સાહન રૂપે નીચે મુજબ રોકડ રકમ અને પ્રશસ્તિપત્ર આપવાની યોજના વર્ષ ૨૦૧૨-૧૩ થી શરૂ કરવામાં આવી છે.

| વિગત | ધોરણ ૧૦ | ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ) |
|---|---|---|
| પ્રથમ ક્રમ | રૂ. ૪૧,૦૦૦/- | રૂ. ૩૧,૦૦૦/- |
| બીજો ક્રમ | રૂ. ૨૧,૦૦૦/- | રૂ. ૨૧,૦૦૦/- |
| ત્રીજો ક્રમ | રૂ. ૧૧,૦૦૦/- | રૂ. ૧૧,૦૦૦/- |

❖ વર્ષ ૨૦૧૩-૧૪ થી ૨૦૧૭-૧૮ સુધીમાં ૪૦ બાળકોને રૂ. ૯.૨૦ લાખની પ્રોત્સાહન રકમ અને પ્રશસ્તિપત્રો આપવામાં આવેલ છે.

❖ **છૂટક ગટર સફાઇનું કામ કરતાં રોજમદાર સફાઇ કામદારોને ડિઝલ મશીન તેમજ સલામતીના સાધનો પુરા પાડવાની યોજના :**

❖ આ યોજના અંતર્ગત રાજયમાં મહાનગરપાલિકા/નગરપાલિકા/ગ્રામ પંચાયતોમાં છૂટક સફાઇનું કામ કરતાં રોજમદારોને ગટરની સફાઇ કરવા માટે ડિઝલ મશીન, લોડીંગ સાઇકલ, પાઇપ તેમજ સલામતીનાં સાધનો સહિતની ખરીદી માટે રૂા. ૫૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

## ❖ **<u>ઓનલાઇન સેવા</u>**

નિગમની તમામ યોજનાઓની લાભ આપવાની કામગીરી હાલમાં ઓનલાઇન કરવામાં આવે છે. તેવી જ રીતે વસુલાતની કામગીરી પણ નિગમ દ્વારા ઓફલાઇન અને ઓનલાઇન બંન્ને વ્યવસ્થા નિગમ દ્વારા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.